સુરત મહાનગરપાલિકા
ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગ બગીચા ખાતું
ગાંધીબાગ, ચોકબજાર, સુરત – ૩૯૫૦૦૩.
ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩
ફેક્સ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦

પીપીજી/આ.વ./નં. ૭૯૦
તા.૧૯/૦૭/૨૦૨૪

## ઓનલાઈન કવોટેશન

વિષય :– સુરત શહેર હદ વિસ્તારમાં ૧૬૨–કરંજ વિધાનસભા મતવિસ્તારમાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીની ગ્રાન્ટમાંથી ટ્રી ગાર્ડ ફાળવણી માટે ખરીદ કરવાનું કામ.

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સુરત શહેર હદ વિસ્તારમાં ૧૬૨–કરંજ વિધાનસભા મતવિસ્તારમાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીની ગ્રાન્ટમાંથી રૂા.૫,૦૦,૦૦૦/– ની મર્યાદામાં ટ્રી ગાર્ડ ફાળવણી માટે કવોટેશનથી ભાવો મંગાવવામાં આવે છે.

| વિગત | એકમ | ભાવ રૂા. પ્રતિ નંગ ટ્રી ગાર્ડ (તમામ પ્રકારના લાગુ પડતા વેરા સહિત) | |
|---|---|---|---|
| સુરત શહેર હદ વિસ્તારમાં ૧૬૨–કરંજ વિધાનસભા મતવિસ્તારમાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીની ગ્રાન્ટમાંથી ફેબીકેટેડ એમ.એસ. વેલ્ડેડ ટ્રી ગાર્ડ ફાળવણી માટે ખરીદ કરવાનું કામનું ભાવપત્રક. (ટ્રી ગાર્ડની ડીઝાઈન અને સ્પેશીફીકેશન આ સાથે સામેલ છે.) | નંગ | આંકડામાં | |
| | | શબ્દોમાં | |

**શરતો :–**

૧. ઈજારદારે પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબ ડીઝાઈન અને સ્પેશીફીકેશન મુજબ ટ્રી ગાર્ડ સપ્લાય કરવાના રહેશે.

૨. બાનાની રકમ પેટે રૂા.૫,૦૦૦.૦૦પૈ. નો ડિમાન્ડ ડ્રાફટ અથવા ચેક, કમીશનરશ્રી સુ.મ.પા.ના નામનો કવોટેશન સાથે સામેલ કરવાનો રહેશે.

૩. કવોલીફાઈડ ક્રાઈટેરીયા :

- આ પ્રકારના કામના અનુભવની અને વર્ક કમ્પલીશનની નકલ. (રૂા.૪.૦૦ લાખ નું એક કામ <u>અથવા</u> રૂા.૨.૫૦ લાખના બે કામ <u>અથવા</u> રૂા.૧.૫૦ લાખના ત્રણ કામ)
- બેંક સોલ્વંશી સર્ટીફીકેટની નકલ (રકમ રૂા.૧.૦૦ સુધીની).
- છેલ્લા ૩ વર્ષની ઓડીટેડ બેલેન્સ શીટ

૪. ઈજારદારે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના કોઈપણ સ્થળે સ્વખર્ચે ટ્રી ગાર્ડ પહોંચતા કરવાના રહેશે.

૫. ટ્રી ગાર્ડ આ સાથે સામેલ ડીઝાઈન અને સ્પેશીફીકેશન પ્રમાણેના હોવા આવશ્યક છે.

૬. ઈજારદારે ભાવ લાગુ પડતા તમામ વેરા (જીએસટી) સહિતના તેમજ સુરત શહેર હદ વિસ્તારના સુચવ્યા મુજબના સ્થળ બેઠાના આપવાના રહેશે.

૭. ઈજારદારે ટ્રી ગાર્ડ પર સુચવ્યા મુજબ નામ /નંબરીંગ કરવાનું રહેશે.

૮. ઈજારદારે ટ્રી ગાર્ડ પર સેમ્પલમાં જણાવ્યા મુજબ સ્વખર્ચે કલર કરવાનો રહેશે.

૯. સદરહુ કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા વર્કઓર્ડર મળ્યેથી <u>દિન–૧૫</u> ની રહેશે.

૧૦. ઈજારદારે નિયત કામગીરી સંબંધિત સુપરવાઈઝરના સંકલનમાં રહીને કરવાની રહેશે.

૧૧. તકરારી બાબતે સુરત કોર્ટને આધિન સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી અધિકૃત રહેશે.

૧૨. ઉપરોકત શરતોમાં ફેરફાર કરવાનો સર્વ હકક સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

૧૩. સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી.

૧૪. સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી સદર કામ અંગે રૂ.૩૦૦/—ના એક એવા ત્રણ સ્ટેમ્પ પેપર ઉપર (૧) કરારનામુ ( Article 5(h) Agreement (not otherwise Provided for) (૨) સ્યોરીટી— (Article 32 Letter of Guarantee) (૩) અંડર ટેકિંગ— sArticle 29 Indemnity Bond) કરવાના રહેશે. (સ્યોરીટી આપનાર પાર્ટીના પુરાવા (આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ કરારનામુ સાથે અચુકથી દર્શાવવાના રહેશે.)

૧૫. કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/ સમયે કવોટેશનો ખોલવામાં આવશે.

૧૬. સુરત મહાનગરપાલિકા ધ્વારા બીલની ચુકવણી ઓનલાઈન કરવામાં આવતી હોય, આપશ્રી પાસે સુરત મહાનગરપાલિકાનો પાર્ટીકોડ ન હોય, તો તાકીદે સુરત મહાનગરપાલિકાના હિસાબી વિભાગનો સંપર્ક કરી પાર્ટીકોડ મેળવી લેવાનો રહશે. પાર્ટીકોડ મેળવ્યા બાદ જ બીલની ચુકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

૧૭. કોઈપણ ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૧૮. જે ઈજારદારનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે ઈજારદારે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે, ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર સીકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે.

૧૯. <u>ઈજારદારે ઉપરોક્ત દર્શાવેલ પરિશિષ્ટ—અ માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૨૫/૦૭/૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી ચીફ એકાઉન્ટન્ટ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની ઓફિસે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ,ફકત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા મોકલવાના રહેશે.</u>

19/07/24

ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગબગીચા ખાતુ

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી, સિકકો, સરનામું

તારીખ:
સ્થળ:

ન.ર.: તમામ કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ, વેસ્ટ, સાઉથ વેસ્ટ, સાઉથ—અ, સાઉથ—બ, સાઉથ ઈસ્ટ, ઈસ્ટ—અ, ઈસ્ટ—બ, નોર્થ ઝોન) પ્રતિ ... નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધી માટે રજુ કરવા.

# DETAIL OF ROAD SIDE TREE GUARD




ALL DIMENSIONS ARE IN MILIMETER

| | |
|---|---|
| GEN NO.- | PROJECT : |
| JOB NO.-<br>DRG NO.- | PROPOSED DETAIL OF ROAD SIDE |
| DATE-24-05-08 | TREE GUARD ( 1.20 mt. ht.) |
| SCALE- N.T.S. | |

PUBLIC PARKS & GARDEN DEPARTMENT
SURAT MUNICIPAL CORPORATION

Garden Superintendent
Surat Municipal Corporation.